# નુકસાન કરનાર એકમોના ખાનગીકરણની હિલચાલ

નવી દિલ્હી,તા. ૫

નાણામંત્રી અરુણ જેટલીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, સરકાર કેટલાક નુકસાન કરી રહેલા પીએસયુના ખાનગીકરણની તરફેણમાં છે. નુકસાન કરતા પીએસયુના ખાનગીકરણની વાત કરીને જેટલીએ નવી ચર્ચા જગાવી છે. જેટલીનું કહેવું છે કે, કરદાતાઓના નાણા લાંબા ગાળાની સમસ્યાનો ઉકેલ નથી. ઈન્ડિયા ઈકોનોમિક સમિટમાં બોલતા જેટલીએ કહ્યું હતું કે, ચોક્કસપણે કેટલાક પીએસયુ તરફ નજર કરવામાં આવશે જે ખાનગી હાથમાં જવાથી વધુ સારો દેખાવ કરી શકે છે. ચોક્કસ પીએસયુ બંધ થવાના આરે પહોંચી ચુક્યા છે. લોકો રોજગારી ગુમાવે તેવી સ્થિતિ સર્જાઈ છે. જેટલીએ ઉમેર્યું હતું કે, વર્તમાન સ્થિતિમાં તેમની નોકરી રહે તેવા પ્રયાસ થઈ રહ્યા છે. જેટલીએ એમ




પણ કહ્યું હતું કે, સરકારી સમર્થન ઉપર આવા પીએસયુ ટકી રહે તે બાબત યોગ્ય નથી. લાંબા ગાળામાં આનાથી સમસ્યાનો ઉકેલ આવશે નહીં. નુકસાન કરતા બિઝનેસ માટે કરદાતાઓ નાણા ચુકવી શકે નહીં. જુલાઈ મહિનામાં પ્રધાને રાજ્યસભામાં જાહેરાત કરી હતી કે, ચાર પીએસયુને બંધ કરવામાં આવશે. કારણ કે આ પીએસયુને ફરી સજીવન કરી શકાય તેમ નથી. તેમણે ઉમેર્યું હતું કે, ૭૯ પીએસયુ ઘણા સમયથી નુકસાન કરી રહ્યા છે. આ પીએસયુમાં જાહેર મૂડીરોકાણનો આંકડો ૧.૫૭ લાખ કરોડનો છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, બજેટમાંથી ૧૦૦૦૦ કરોડ રૂપિયા તેમનો ચલાવી રાખવા માટે ઠાલવવામાં આવ્યા હતા. સરકારે વર્તમાન નાણાંકીય વર્ષમાં પીએસયુ ડિસઈન્વેસ્ટમેન્ટમાંથી ૪૩૪૨૫ કરોડ રૂપિયા ઉભા કરવાની યોજના બનાવી છે. નાણામંત્રીએ ભ્રષ્ટાચાર મુક્ત, વાજબી બિઝનેસ માહોલ સર્જવાનું વચન આપ્યું હતું. વધુ સુધારા હાથ ધરવા અને ભ્રષ્ટાચાર નાબૂદ કરવાની વાત કરતા જેટલીએ કહ્યું હતું કે, નવી સરકાર દ્વારા મૂડીવાદનો અંત લાવવા અને પારદર્શક બિઝનેસ માહોલ સર્જવાના પ્રયાસ થઈ રહ્યા છે. સરકાર શ્રમ સુધારા, ખાનગીકરણ, જમીન સુધારા કાયદા તરફ ધ્યાન આપી રહી છે. સુધારાની બાબત કોઈ સનસનાટીપૂર્ણ વિચારધારા નથી. જેટલીએ આર્થિક સુધારા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાની પ્રશંસા કરી હતી. જાહેર અને ખાનગી ક્ષેત્રની ભાગીદારીને પ્રોત્સાહન આપવાની પણ વાત કરી હતી. મોટા પ્રમાણમાં મૂડીરોકાણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય ભાગીદારીની તરફેણ કરાશે.

## સેંસેક્સ રેકોર્ડ ઉંચી સપાટી ઉપર બંધ

મુંબઈ, તા. ૫

શેરબજારમાં આજે રેકોર્ડ ઉંચી સપાટી જોવા મળી હતી. જો કે, કારોબારના અંતે ઈન્ટ્રા ડે દરમિયાન મેળવેલી ૨૮૦૦૦ની સપાટી જાળવવામાં સેંસેક્સ નિષ્ફળ રહ્યો હતો. ઈન્ટ્રા ડે દરમિયાન સેંસેક્સ ૨૮૦૦૦ની ઉંચી સપાટી પ્રથમ વખથ હાંસલ કરી હતી. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ ઈક્વિટીમાં આક્રમક ખરીદી કરી હતી. સેંસેક્સ ૫૬ પોઈન્ટ ઉછળીને ૨૭૯૧૬ની સપાટીએ રહ્યો હતો. એક વખતે સેંસેક્સ ઈન્ટ્રા ડે દરમિયાન ૨૮૦૧૦ સુધી પહોંચી ગયો હતો જ્યારે નિફ્ટી ૧૪ પોઈન્ટ ઉછળીને ૮૩૩૮ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી પણ એક વખતે ૮૩૬૬ સુધી પહોંચી ગયો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારો આજે સતત ચોથા સેશનમાં આક્રમક ખરીદદાર તરીકે રહ્યા હતા. તેઓએ સોમવારના દિવસે ૧૪૧૩ કરોડની કિંમતની ઈક્વિટી ખરીદી હતી. સ્ટોક એક્સચેંજ પાસેથી પ્રાપ્ત આંકડામાં આ મુજબની માહિતી આપવામાં આવી છે. સરકાર દ્વારા હાલમાંજ જાહેર કરવામાં આવેલા આર્થિક સુધારાના લીધે પણ ફાયદો થયો છે. માઈક્રો આર્થિક મોરચે જારી કરાયેલા આંકડાથી આંશિક અસર રહી હતી. સેક્ટરલ મોરચે બીએસઈ બેંકેક્સમાં સૌથી વધુ ૧.૪ ટકાનો ઉછાળો રહ્યો હતો. આવી જ રીતે હેલ્થકેર, આઈટી અને કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સમાં ૦.૫થી ૧ ટકા વચ્ચેનો સુધારો જોવા મળ્યો હતો. જો કે, મેટલ ઈન્ડેક્સમાં સૌથી વધુ ત્રણ ટકાનો ઘટાડો રહ્યો હતો. આવી જ રીતે પાવર, ઓઈલ એન્ડ ગેસમાં ૦.૫થી એક ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. હેલ્થકેરમાં લેવાલી જોવા મળી હતી. પાવરના શેરમાં પણ નિરાશાજનક સ્થિતિ રહી હતી. શેરબજારમાં આજે ઉતારચઢાવની સ્થિતિ માટે ઘણા કારણો જવાબદાર રહ્યા હતા. બ્રોડર માર્કેટમાં ઈન્ટ્રાડેની ઉંચી સપાટીથી પીછેહઠની સ્થિતિ રહી હતી. સ્મોલકેપ અને મિડકેપમાં ૦.૨થી ૦.૮નો સુધારો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ હકારાત્મક રહી હતી. ૧૬૩૭ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૩૭૮ શેરમાં મંદી રહી હતી. ગઈકાલે શેરબજારમાં રજા રહી હતી.

## અખિલેશ પર કુલ ૧૦૦ કરોડ આપવાનો આક્ષેપ

લખનૌ, તા. ૫

બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ પાર્ટી છોડી ચુકેલા દલિત નેતા અખિલેશ દાસ ઉપર સનસનાટીપૂર્ણ આક્ષેપ મુક્યો છે. માયાવતીએ કહ્યું છે કે, અખિલેશે તેમને રાજ્યસભા મોકલવા માટે ૧૦૦ કરોડ રૂપિયાની ઓફર કરી હતી. માયાવતીએ કહ્યું છે કે, રાજ્યસભામાં બીજી વખત સભ્ય બનાવવા માટે ઇચ્છુક અખિલેશ દાસે દિલ્હીમાં તેમની સાથે વાત કરી હતી અને જંગી રકમ આપવાની ઓફર કરી હતી. માયાવતીએ પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, રાજ્યસભા ઉમેદવાર તરીકે પાર્ટી તરફથી બે નેતાઓની નામની જાહેરાત થઇ ચુકી છે. માયાવતીએ દાવો કર્યો હતો કે, ૨૦૦ કરોડ રૂપિયા અપાશે તો પણ રાજ્યસભા માટે ઉમેદવાર નહીં બનાવવાની અખિલેશ દાસને સ્પષ્ટ શબ્દોમાં સુચના આપી દેવામાં આવી હતી. બસપ નાણા આપનાર સભ્યોની પાર્ટી રહી નથી. તે એવા ઉમેદવારને ટિકિટ આપશે જે બસપના આંદોલનને આગળ વધારશે.

## બર્ધવાન બ્લાસ્ટ : શખ્સને ૧૫ દિન માટે કસ્ટડીમાં લેવા માંગ

કોલકાતા, તા.૫

બર્ધવાન બ્લાસ્ટ કેસમાં તપાસ કરી રહેલી એનઆઈએની ટુકડીએ બ્લાસ્ટના આરોપીની ૧૫ દિવસની કસ્ટડીની જોરદાર માંગ કરી છે. હોસ્પિટલમાંથી છોડી મુકવામાં આવેલા આરોપી અબ્દુલ હકીમની કસ્ટડીની માંગ કરવામાં આવી છે. બ્લાસ્ટ દરમિયાન ઘાયલ થયા બાદ આ આરોપીને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. ચીફ જજ સમક્ષ એનઆઈએના વકીલ દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી. સીટી સેશન કોર્ટના જજ એમ મુમતાઝ ખાન ૧૫ દિવસ માટે હકીમની કસ્ટડી મંજુર કરે તેવી અમારી રજૂઆત છે તેમ એનઆઈએના વકીલે કહ્યું હતું કે, બ્લાસ્ટના સંબંધમાં વધુ વિગત એકત્રિત કરવાની જરૂર છે. હકીમને આજે એસએસકેએમ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. તેને અનેક પ્રકારની ઈજા થઈ હતી. આ બ્લાસ્ટના કારણે સમગ્ર સરકાર પણ હચમચી ઉઠી હતી. કેન્દ્રીય સંસ્થાએ આ કેસના સંદર્ભમાં ઝડપાયેલા અન્ય ત્રણ શખ્સો હસીમમુલ્લા, રઝિયાબીબી અને અલીમાબીબીની જ્યુડિશિયલ કસ્ટડીની પણ માંગ કરી છે. અત્રે નોંધનીય છે કે, બીજી ઓક્ટોબરના દિવસે બર્ધવાન જિલ્લામાં ખાગરાગઢમાં એક મકાનમાં થયેલા આકસ્મિક બ્લાસ્ટમાં બે લોકોના મોત થઈ ગયા હતા. હેન્ડગ્રેનેડ બનાવવામાં આવી રહ્યા હતા ત્યારે આ બ્લાસ્ટ થયો હતો. જેમાં આતંકવાદી સંગઠનની સાઠગાંઠ સપાટી ઉપર આવી હતી. વકીલની રજૂઆત સાંભળ્યા બાદ જજે ચુકાદો અનામત રાખ્યો હતો. બર્ધવાન બ્લાસ્ટના કારણે સમગ્ર પશ્ચિમ બંગાળ સરકાર હચમચી ઉઠી હતી. આ મામલામાં સામેલ થયેલા ખતરનાક શખ્સોના બાંગ્લાદેશ સાથે સીધા સંબંધો હોવાની વિગત ખુલી છે. ભારતીય જમીન ઉપર સક્રિય રહીને આ લોકો બાંગ્લાદેશમાં હુમલા કરવાની યોજના બનાવી રહ્યા હતા.

## તેલંગાણા માટે એક લાખ કરોડનું પ્રથમ બજેટ રજૂ

હૈદરાબાદ,તા.૫

તેલંગાણાનું પ્રથમ બજેટ આજે રાજ્ય વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. એક લાખ કરોડથી વધુનું તેલંગાણા માટેનું પ્રથમ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટમાં ૪૮૬૪૮ કરોડના યોજના ખર્ચ અને ૫૧૯૮૯ કરોડના બિનયોજના ખર્ચનો સમાવેશ થાય છે. નાણામંત્રી ઈટેલા રાજેન્દર દ્વારા પ્રથમ કરમુક્ત બજેટ રજૂ કરવામાં આવ્યું હતું જેમાં ૧૭૩૯૮ કરોડની રેવેન્યુ ડેફિસિટ દર્શાવવામાં આવી છે. પ્રધાને કહ્યું છે કે, તેલંગાણા રાજ્યનું પ્રથમ બજેટ રજૂ કરતા તેમને ખુશી થઈ રહી છે. સુવર્ણ તેલંગાણાના સરકારના સ્વપ્ન સાથે આ બજેટ રજૂ કરવામાં આવ્યું છે. અલગ રાજ્ય માટે પ્રાણોની આહૂતિ આપનાર લોકોના પરિવાર માટે ૧૦૦ કરોડની સહાયતાની જાહેરાત કરવામાં આવી છે. સરકારે એવા ૪૫૯ લોકો ઓળખી કાઢ્યા છે જે લોકોના પરિવારને ૧૦-૧૦ લાખ રૂપિયા આપવામાં આવશે.

## દિલ્હી વિધાનસભાને અંતે વિખેરાઈ : રાજકીય ગરમી

નવી દિલ્હી,તા. ૫

દિલ્હી વિધાનસભાને આજે વિખેરા નાંખવામાં આવી હતી. આની સાથે જ દિલ્હીમાં નવેસરથી ચૂંટણી માટેનો માર્ગ મોકળો થયો છે. ફેબ્રુઆરી મહિનામાં એએપી સરકારનું પતન થયા બાદથી દિલ્હીમાં રાજકીય અનિશ્ચિતતા સર્જાઈ હતી. ગૃહમંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ દિલ્હી વિધાનસભાને વિખેરી નાંખી છે. તાત્કાલિક અમલ સાથે વિધાનસભાને વિખેરી નાંખવામાં આવી છે. સોમવારના દિવસે દિલ્હીના નાયબ રાજ્યપાલે ભાજપ, કોંગ્રેસ અને એએપી સાથે વાતચીત કરી હતી. આગામી વર્ષની શરૂઆતમાં નવેસરથી ચૂંટણીનો માર્ગ મોકળો થયો છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂટણી ક્યારેય યોજાશે તેને લઈને હજુ ભારે સસ્પેન્સની સ્થિતી છે. રાજકીય પક્ષો ચૂંટણીને લઈને અટકળો કરી રહ્યા છે. દિલ્હીમાં નવેસરની ચૂંટણી નિશ્ચિત બન્યા બાદ હવે ચૂંટણી પંચે પણ કવાયત હાથ ધરી છે. ચૂંટણી



પંચ જાન્યુઆરીના અંતમાં ચૂંટણી યોજવા ઈચ્છુક છે. વર્ષ ૨૦૧૫ માટે સુધારેલી ચૂંટણી મતદાર યાદી તૈયાર કરવાની કવાયત ચાલી રહી છે. જમ્મુ કાશ્મીર અને ઝારંખડમાં વિધાનસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ હવે બન્ને રાજ્યોમાં ચૂંટણી માહોલ છે. સુત્રોએ સંકેત આપ્યો છે કે જાન્યુઆરીના અંતમાં ચૂંટણી યોજવા કવાયત હાથ ધરવામાં આવી છે. પહેલી જાન્યુઆરી ૨૦૧૫ સુધી સુધારેલી મતદાર યાદી તૈયાર કરી લેવામાં આવનાર છે. દિલ્હી વિધાનસભાને વિખેરી નાખવા માટે રાષ્ટ્રપતિ તરફથી કેન્દ્રિય કેબિનેટના નિર્ણયને મંજૂરી આપી દેવામાં આવ્યા બાદ જ ચૂંટણી પંચ આગળ વધનાર છે. નવી વિધાનસભાની ચૂંટણી કરવા માટે ચૂંટણી પંચને રાષ્ટ્રપતિ દ્વારા રજૂઆત કરવામાં આવ્યા બાદ અંતિમ નિર્ણય લેવામાં આવનાર છે. દિલ્હીમાં હાલમાં જ ઉપરાજ્યપાલે તમામ રાજકીય પાર્ટી સાથે બેઠક યોજી હતી. ભાજપ, કોંગ્રેસ, એએપી સાથે બેઠક યોજ્યા બાદ ઉપરાજ્યપાલ નજીબ જંગે દિલ્હી વિધાનસભાને વિખેરી નાખવાની ભલામણ કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારબાદ કેબિનેટે ભલામણને સ્વીકારી લીધી હતી અને આ ભલામણને અંતિમ મંજૂરી માટે રાષ્ટ્રપતિને મોકલી દેવાનો નિર્ણય કર્યો હતો.

## પાક પહેલા કોની સાથે વાત કરશે તે નક્કી કરે : જેટલી

નવીદિલ્હી,તા.૫

સંરક્ષણ પ્રધાન અરુણ જેટલીએ આજે આક્રમક વલણ અપનાવતા કહ્યું હતું કે, પાકિસ્તાન પહેલા ભારત સરકાર સાથે વાત કરશે કે ભારતને તોડવા માટે ઈચ્છુક લોકો સાથે વાતચીત કરશે તે નક્કી કરે તે જરૂરી છે. પાકિસ્તાનને ભારત સાથે શાંતિપ્રક્રિયાને આગળ વધારવા પોતાનું વલણ સ્પષ્ટ કરવું પડશે. ભારત પાકિસ્તાન સાથે વાત કરવા અને સંબંધોને સામાન્ય બનાવવા તૈયાર છે પરંતુ પાકિસ્તાનને તેનું વલણ સ્પષ્ટ કરવું પડશે. ઈકોનોમિક સમિટમાં બોલતા જેટલીએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાનના રાજદૂત કાશ્મીરી અલગતાવાદીઓને વિદેશ સચિવ સ્તરની વાતચીત પહેલા મળ્યા હતા જે બિલકુલ આયોગ્ય બાબત હતી. પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનો સતત ભંગ કરાઈ રહ્યો છે. આવી સ્થિતિમાં વાતચીત શક્ય નથી.

## સચિનની આત્મકથાની પ્રથમ કોપી માતાને અપાઈ : રિપોર્ટ

નવીદિલ્હી,તા. ૫

માસ્ટર બ્લાસ્ટર સચિન




તેંડુલકરની આત્મકથા પ્લેઈંગ ઈટ માય વેનું વિમોચન કરવામાં આવ્યા બાદ આને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. પુસ્તક બજારમાં આવે તે પહેલા જ આમા રહેલી કેટલીક બાબતોને લઈને ભારે હોબાળો થઈ ચુક્યો છે. સચિન તેંડુલકરે આ પુસ્તકમાં ભારતીય ક્રિકેટ ટીમના કોચ રહી ચુકેલા ઓસ્ટ્રેલિયાના પૂર્વ ખેલાડી ગ્રેગ ચેપલને રિંગ માસ્ટર તરીકે ગણાવીને ખળભળાટ મચાવી દીધો છે. સચિનના પુસ્તકમાં જણાવવામાં આવ્યું છે કે, ગ્રેગ ચેપલ ભારતીય ક્રિકેટ પર વર્ચસ્વ જમાવવા માંગતો હતો. તે દ્રવિડના બદલે સચિનને કેપ્ટન બનાવવા ઈચ્છુક હતો. પોતાના કાવતરામાં સચિનને સામેલ કરીને ભારતીય ક્રિકેટને વિભાજિત કરવાની તેની ખતરનાક યોજના હતી. અલબત્ત ગ્રેગ ચેપલે સચિનના પુસ્તકમાં કરવામાં આવેલા દાવાને રદિયો આપ્યો છે પરંતુ સચિનના સાથે રહી ચુકેલા ખેલાડીઓ હરભજનસિંહ, ઝહીર ખાન અને વીવીએસ લક્ષ્મણે સચિનને ટેકો આપ્યો છે. છેલ્લા કેટલાક દિવસથી ચર્ચામાં રહેલા સચિને માઈક્રોબ્લોગિંગ સાઈટ ઉપર કહ્યું છે કે, આ પુસ્તકની પ્રથમ નકલ તે તેની માતાને આપી ચુક્યો છે. સચિને પ્લેઈંગ ઈટ માય વે લોંચ કરતી વેળા ખુશી અનુભવ કરી હતી. સૌરવ ગાંગુલી દ્વારા પણ સચિનને ટેકો આપવામાં આવ્યો છે. ૨૦૦૭ વર્લ્ડકપ પહેલા દ્રવિડ પાસેથી કેપ્ટનશીપ લઈ લેવા આઘાતજનક સુચન ગ્રેગ ચેપલે સચિનને કર્યું હતું. સચિને પોતાની આત્મકથામાં અન્ય મુદ્દાઓની પણ સ્પષ્ટપણે વાત કરી છે. પુસ્તકની અન્ય વિગતો સપાટી ઉપર આવે તેવી શક્યતા છે. ગ્રેગ ચેપલે સચિનને આક્ષેપોને બિલકુલ આધારવગરના ગણાવીને આની ટિકા કરી છે પરંતુ આ પુસ્તક મારફતે હજુ ઘણી વિગતો ખુલે તેવી શક્યતા દેખાઈ રહી છે જેથી તેની નકલો ઝડપથી વેચાઈ તેવી વકી છે.

## સલમાન કેસ પર સુપ્રીમ કોર્ટનો ચુકાદો અનામત

નવીદિલ્હી, તા.૫

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે ફિલ્મ સ્ટારને અપરાધી ઠેરવવા પર મનાઈ હુકમ મુકવાના રાજ્ય હાઈકોર્ટના આદેશને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી રાજસ્થાન સરકારની અપીલ પર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. સલમાન ખાને ફિલ્મ સાથે સંબંધિત કારણસર બ્રિટન જઇ શકે તે માટે અપરાધી ઠેરવવા પર સ્ટે મુકવાની માંગ કરવામાં આવી હતી. જસ્ટિસ એસજે મુખોપાધ્યાય અને જસ્ટિસ એકે



ગોયેલની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો અને કહ્યું હતું કે, બ્રિટિશ વિઝાનો મામલો છે. માત્ર આ કારણસર અપરાધી ઠેરવવાની બાબત પર સ્ટે મુકી શકાય નહીં. સલમાન ખાનની સાથે સાથે રાજસ્થાનમાં સંરક્ષિત કાળિયારના શિકાર મામલામાં સોનાલી બેન્દ્રે, તબ્બુ, નિલમ, સોહા અલી ખાન અને અન્ય પણ આરોપી છે. હમ સાથ સાથ હે ફિલ્મના શૂટિંગ દરમિયાન બનાવ બન્યો હતો. સલમાનને ટ્રાયલ કોર્ટ દ્વારા વર્ષ ૨૦૦૬માં અપરાધી ઠેરવવામાં આવ્યો હતો. ત્યારબાદ હાઈકોર્ટે ગયા વર્ષે અપરાધી ઠેરવવા પર સ્ટે મુક્યો હતો.

સુપ્રીમ કોર્ટે સલમાન ખાનની જોરદાર ઝાટકણી કાઢી હતી. કોર્ટે કહ્યું હતું કે, સલમાનને મેરિટના આધાર પર રાહત મળી ન હતી. માત્ર બ્રિટન જવા માટે રાહત આપવામાં આવી હતી. કોર્ટે સલમાનના વલણ પ્રત્યે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે, કોઇપણ આવા આધાર રજૂ કરીને સજાને રોકવામાં આવી શકે છે. જ્યારે કોઇ સાંસદ, ધારાસભ્યને બે વર્ષની સજા થાય છે તો સભ્યપદ રદ થઇ જાય છે આવી સ્થિતિમાં તેમને રાહત કેમ આપવામાં આવે. સમગ્ર મામલો ઘણા વર્ષોથી ચાલી રહ્યો છે. જુદી જુદી કોર્ટમાં સલમાનને સુનાવણીનો સામનો કરવો પડ્યો છે. કાયદાકીય ગુંચમાંથી પણ નિકળવાની ફરજ પડી છે.


**મોતના રહસ્યોનો પર્દાફાશ કરવાના પ્રયાસો જારી**

## સુનંદા કેસમાં મહેરની સાથે વાતચીતની વિગત મેળવાશે

### ટ્વિટર અને ફેસબુક પાસેથી પણ વધુ વિગતો માંગવામાં આવી ચુકી છે : સુનંદા મોત મામલામાં ઉંડી તપાસ જારી

નવીદિલ્હી, તા.૫

સુનંદા પુષ્કરના રહસ્યમય મોતના મામલા પરથી પરદો ઉચકવાના હેતુસર દિલ્હી પોલીસ જુદા જુદા પ્રયાસ કરી રહી છે. દિલ્હી પોલીસ હવે ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શશી થરુરના પત્નિ અને પાકિસ્તાની પત્રકાર મહેર તરાર વચ્ચે થયેલી વાતચીતમાં તપાસ કરી રહી છે. દિલ્હી પોલીસના જણાવ્યા મુજબ સુનંદા ચાર ઓનલાઈન એકાઉન્ટ ધરાવતી હતી જેમાં ગુગલ અને યાહૂ પર બે ઈમેઈલ એકાઉન્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ટ્વિટર અને ફેસબુક પર પણ એક એક એકાઉન્ટ છે. મળેલી માહિતી મુજબ પોલીસને બે ઈમેઈલ સર્વિસ પ્રોવાઈડર પાસેથી માહિતી મળી ચુકી છે પરંતુ ટ્વિટર અને ફેસબુક પાસેથી વધુ વિગતો મળી શકી નથી. ગુગલ અને યાહૂ દ્વારા આપવામાં આવેલી માહિતીમાં એવા લોકોના આઈપી એડ્રસ છે જે સુનંદા સાથે ઈમેઈલ ઉપર વાતચીત કરતા હતા અથવા તો ઈમેઈલની આપલે કરતા હતા. ૧૭મી જાન્યુઆરીના દિવસો સુનંદા મૃતહાલતમાં મળી આવી હતી. પોલીસ આવા લોકોનો સંપર્ક કરીને તેમની પુછપરછ કરી શકે છે. દરમિયાન ફેસબુકે સત્તાવાર



પત્ર મોકલીનો કયા પ્રકારની માહિતીની જરૂર છે તે અંગે માહિતી આપવા દિલ્હી પોલીસને સૂચના આપી છે. પોલીસ હવે ફેસબુક અને ટ્વિટરને લેટર રોગેટરી લખીને બંને સોશિયલ નેટવર્કિંગ સાઈટને માહિતી પુરી પાડવા કહ્યું છે. પોલીસે સુનંદા અને તરાર વચ્ચે ટ્વિટર ઉપર ખાનગી સંદેશાઓની આપલેની વિગત પણ માંગી છે. પોલીસે સુનંદાના ફોરેન્સિક એનાલીસીસ માટે ફોન પૈકીના ત્રણ પણ ઉપલબ્ધ કરાવ્યા છે. તેના ફોનમાંથી બીબીએમ જાણવાના પ્રયાસ થઈ રહ્યા છે. ગયા મહિનામાં સુનંદાના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં એવી વિગત સપાટી ઉપર આવી હતી કે, તેના મોતનું કારણ ઝેર હતું. અત્રે નોંધનીય છે કે, દક્ષિણ દિલ્હીમાં ફાઈવ સ્ટાર હોટલમાં સુનંદા મૃત હાલતમાં મળી આવી હતી. પાકિસ્તાની પત્રકાર તરાર સાથે ટ્વિટર પર સુનંદાની જોરદાર બોલાચાલી થઈ હતી. શશી થરુર સાથે તરારના સંબંધોને લઈને ચર્ચા હતી. સુનંદાના મોત વખતે શશી થરુર મનમોહનસિંહ સરકારમાં માનવ સંશાધન વિકાસ રાજ્યપ્રધાન હતા.

## ઉત્તરપ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માયાવતીની માંગણી

લખનૌ, તા.૫

ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને બસપના વડા માયાવતીએ ઉત્તરપ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની આજે જોરદાર માંગણી કરી હતી. લખનૌમાં પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંપૂર્ણપણે ભાંગી પડી છે. આ ઉપરાંત વિકાસની પ્રવૃત્તિ ઠપ થઈ ગઈ છે. રાજ્યપાલે યોગ્ય અહેવાલ મોકલીને રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ કરવી જોઈએ. માયાવતીએ ઉત્તરપ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માંગ કરતા કહ્યું હતું કે, દરરોજ રાજ્યના જુદા જુદા ભાગોમાંથી હત્યા અને અન્ય ગુનાઓના અહેવાલ મળી રહ્યા છે. જેના લીધે વિકાસ ઉપર માઠી અસર થઈ છે. આ મુદ્દા તરફથી લોકોના ધ્યાનને વાળવાના પ્રયાસરુપે રાજ્ય સરકાર મોટી જાહેરાતો કરી રહી છે. આ જાહેરાતો માત્ર કાગળ ઉપર જ રહેશે. સરકારે તેની પોતાની સારી સ્કીમો પણ પાછી ખેંચી લીધી છે. મહત્વકાંક્ષી લખનૌ મેટ્રો પ્રોજેક્ટ માટેની ક્રેડિટ લેતા માયાવતીએ કહ્યું હતું કે, આના ઉપરનું કામ મોડેથી શરૂ કરવામાં આવ્યું છે. દરમિયાન માયાવતીએ રેલવે ઓવરબ્રિજના નિર્માણ મુદ્દે અખિલેશ સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી. આ રેલવે ઓવરબ્રિજ બસપની ઓફિસની સામેથી પસાર થાય છે.

## સમાચાર ઝલક

- રાશનકાર્ડમાં ૧૫ વર્ષથી ઉપરની વયના સભ્યોની સહીઓ લેવાશે.
- હવે રાજ્ય પોલીસ દળમાં ફરજ બજાવતા લોકરક્ષક (એલઆરડી)ની જેમ જેલ-સહાયકને રજાના રૂપિયા ૧૫૦ ચુકવાશે.
- નવી ઈમારતોની ફ્રન્ટ સાઈડ પર કાચના ઉપયોગ પર પ્રતિબંધ
- આવતી કાલે કાર્તિકી પૂનમ પુણ્યનું ભાથું બાંધવા શેત્રુંજય તીર્થયાત્રાનો થશે પ્રારંભ.
- સુરત સિવિલ કેમ્પસમાં ૧૧ માળની અત્યાધુનિક સ્ટેમલેસ હોસ્પિટલનું નિર્માણ કાર્ય હવે અંતિમ તબક્કામાં.
- રાષ્ટ્રપતિ બરાક ઓબામા આગામી ૧૦ થી ૧૬ નવેમ્બરની વચ્ચે ચીન, મ્યાનમાર અને ઓસ્ટ્રેલિયાના પ્રવાસે.
- ડિઝલના ભાવમાં બે વખત ઘટાડો છતાં એસ.ટી. બસના ભાડા ન ઘટતાં રોષ.
- વાપીમાં છેલ્લા ૧૦ દિવસમાં આઠથી વધુ જગ્યાએ ચોરી થતા લોકોમાં ભયનો માહોલ.
- તા.૧૩ ડિસેમ્બરથી અઠવાડિયા સુધી ગુંસાઈજીનો ૫૦૦મો પ્રાગટયોત્સવ ઉજવાશે. ગુંસાઈજી પંચશતાબ્દિ મહોત્સવના કાર્યાલયનો થયેલો પ્રારંભ.
- રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ આયોજીત રાજકોટ વિભાગના તમામ કેન્દ્રોના વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષામાં જોડાયા.
- રાહુલની ટીમમાંથી શિલા દિક્ષીત આઉટ. દિલ્હીમાંથી નહીં લડે ચૂંટણી.